## પરિણીતાને ઢોર માર મારી ઘરમાંથી કાઢી મુકાઈ

સુરત : મૂળ કામરેજ તાલુકાના વેલંજા ગામે જુની ટાંકી ફળિયામાં પિતા અરુણભાઈ બારડ સાથે રહેતી ૨૭ વર્ષીય કાજલબેનના લગ્ન વર્ષ ૨૦૧૮માં કઠોદરા ગામના નવા કોળીવાડ ખાતે રહેતા વિજયભાઈ રમણભાઈ ભાલિયા સાથે સમાજના રીત-રિવાજ મુજબ થયા હતા. લગ્ન જીવન દરમિયાન તેમને ૭ વર્ષનો પુત્ર ધ્રુવ છે. લગ્નના બે વર્ષ બાદ પતિએ અન્ય યુવતીઓ સાથે અફેર કર્યું અને મારપીટ શરૂ કરી હતી. સાસરીયા પણ તેનો જ પક્ષ લેતા હતા. જેથી કંટાળેલી પરિણીતાએ લસકાણા પોલીસ મથક પહોંચી પતિ વિજય ભાલિયા, સાસુ વીરૂબેન, સસરા રમણભાઈ અને ગર્લફ્રેન્ડ ગૌરી ઉર્ફે માહી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખાતામાં ઊંઘતા કારીગરનો મોબાઈલ ચોરાયો

સુરત : મૂળ મધ્યપ્રદેશના મુરૈના જિલ્લાના અને હાલ વરાછા માતાવાડી સ્થિત કમલપાર્ક સોસાયટીના બંસીકાકાના ડેલામાં આવેલ ખાતા નંબર-૫૮માં રહેતા ૩૭ વર્ષીય રાજેશ રામસિંહ ધાકડ એમ્બ્રોડરી મશીન ચલાવે છે. ગત તા. ૩૧/૦૮/૨૦૨૬ના રોજ રાત્રે આશરે સાડા બારેક વાગ્યે પોતાના ખાતામાં સુતેલા હતા ત્યારે તેમનો ફોન ચોરાઈ ગયો હતો.

## સગીરાને ભગાડી જનાર સામે ફરિયાદ

સુરતઃ વરાછા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષ અને ૪ માસની ઉંમર ધરાવતી સગીરા સાથે આરોપી દિપેશ સામરીયાએ મિત્રતા કેળવી પ્રેમ સંબંધ બાંધ્યો હતો. આરોપીએ સગીરા ૧૮ વર્ષની થાય ત્યારે તેની સાથે લગ્ન કરી લેવાની ખાતરી આપી હતી. દરમિયાન ગત તા. ૧૯/૦૮/૨૦૨૬ ના રોજ આરોપીએ ફોન કરી સગીરાને અમદાવાદ આવી જવા જણાવાતાં સગીરા સાંજના સવા આઠ વાગ્યાના સુમારે બસમાં બેસી અમદાવાદ પહોંચી હતી. આરોપી અમદાવાદ ખાતે આવેલા ઠક્કરબાપાનગર, છાપરા ભવાની ચોક સ્થિત ઘરે લઈ ગયો હતો. જેથી સગીરાએ પિતાએ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી દિપેશ સામરીયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ગુજસીટોકના આરોપીનાં જામીન મંજૂર

સુરતઃ અમરોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં આરોપી મલિન્દર ઉર્ફે મલ્લુ રાજુસિંગ બાવરીને સુરત સેશન્સ કોર્ટે શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આરોપી સામે ગેંગ સાથે મળીને ૩ ગુના અને એકાંકી રીતે ૪ ગુના સહિત કુલ ૭ ગુના નોંધાયેલા હતા. આ કેસમાં આરોપી તરફે એડ્વોકેટ પી.ટી. રાણા દ્વારા સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. બંને પક્ષની રજૂઆત બાદ કોર્ટે તમામ દલીલોને ધ્યાને રાખી આરોપીને જામીન આપ્યાં હતાં.

## સ્મીમેરની નર્સનું શ્વાસ લેવામાં તકલીફ બાદ મોત

સુરતઃ મૂળ કેરળના વતની સુરેખા હરીલાલ ઇઝાવા (ઉં.વ.54 વર્ષ) હાલમાં સ્મીમેર હોસ્પિટલના નર્સિંગ સ્ટાફ ક્વાર્ટર્સમાં પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા. તેઓ વર્ષ 2004થી સ્મીમેર હોસ્પિટલમાં નર્સ તરીકે સેવા આપી રહ્યા હતા. સુરેખાને છેલ્લા ત્રણેક દિવસથી શરદી અને ખાંસીની તકલીફ હતી. દરમિયાન ગત સવારે અચાનક તેમને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. આ સાથે બે વખત ઊલટી થઈ હતી તેમજ છાતીમાં દુખાવાની પણ ફરિયાદ હતી. જેથી તેમને સ્મીમેર હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, બ્લડ રિપોર્ટના પરિણામ આવે તે પહેલાં જ આજે વહેલી સવારે સુરેખાનું મોત થયું હતું. તેમના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તબીબી તપાસ અને રિપોર્ટ મહત્ત્વના બની રહેશે.

**પાંચ દિવસથી હોબાળો છતાં આગનું ષડયંત્ર યથાવત રહેતાં મોટા નેતાઓના દોરીસંચારની પણ શંકા**

# પુણામાં હોટફિક્સ ફેંકવા આવેલી રિક્ષા ઝડપાઈ

**પુણામાં** અન્ય વિસ્તારમાંથી આવેલી રિક્ષામાંથી માચીસ અને લાઇટર પણ મળ્યાં

**ભારે** હોબાળા વચ્ચે વધુ ચાર જગ્યાએ શંકાસ્પદ રીતે હોટફિક્સ સળગ્યું



સુરત : સુરતમાં હોટફિક્સ વેસ્ટના નિકાલને લઈને ચાલી રહેલો વિવાદ હવે કચરાના ઢગલાથી આગળ વધી રાજકીય અખાડામાં પહોંચી ગયો છે. હોટફિક્સ વેસ્ટના કરોડોના ઇજારા માટે ગોઠવાયેલા ખેલની ચર્ચા વચ્ચે છેલ્લા ત્રણ દિવસમાં શહેરમાં 15થી વધુ સ્થળે હોટફિક્સ કચરો સળગાવવાની ઘટનાઓ સામે આવી છે. જ્યારે બુધવારે પણ વધુ ચાર સ્થળે હોટફિક્સ વેસ્ટમાં શંકાસ્પદ આગ લાગતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. આટલા બનાવો છતાં કચરો સળગાવવાનો સિલસિલો અટકતો ન હોવાથી સમગ્ર મામલે કોઈ મોટું



નેટવર્ક સક્રિય હોવાની શંકા પણ વ્યક્ત થઈ રહી છે. આ ઘટનાની વચ્ચે પુણા પૂર્વ વિસ્તારમાં જાહેર રોડ પર મોટી માત્રામાં હોટફિક્સ પ્લાસ્ટિક વેસ્ટ ઠાલવવા આવેલી ઓટોરિક્ષા ઝડપાતા સમગ્ર મામલો વધુ ગરમાયો છે. વાયરલ થયેલા વીડિયોમાં ગત રાત્રે વોર્ડ નંબર-17 પુણા વિસ્તારની બાલમુકુંદ સોસાયટી સ્થિત નાયરા પેટ્રોલપંપ પાસે નજીક હોટફિક્સનો કચરો ઠાલવવા આવેલી રિક્ષાને સ્થાનિક ભાજપ અગ્રણી ભરત ગલાણી અને મનપાના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ પકડી હોવાનું જણાવવામાં આવ્યું છે. રિક્ષામાંથી મોટી માત્રામાં હોટફિક્સ પ્લાસ્ટિક વેસ્ટ ઉપરાંત ચાલક પાસેથી માચીસ અને લાઇટર મળી આવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેના પગલે કચરો ઠાલવ્યા બાદ તેને સળગાવવાનો ઇરાદો હતો કે કેમ તે અંગે પણ સવાલો ઊભા થયા છે.

### હોબાળો ઠારવા નોટિસ-સીલિંગની કાર્યવાહી બંધ

છેલ્લા એક અઠવાડિયાથી હોટફિક્સ કચરાના ભારે વિવાદ, સ્થાનિકોના રોષ, વેપારીઓની રજૂઆત અને રાજકીય દખલગીરી બાદ મંગળવારે પાલિકાના વહીવટી તંત્રએ નરમ વલણ દાખવ્યું. મંગળવારે કોઇ યુનિટને નોટિસ કે સીલીંગની કાર્યવાહી થઇ ન હતી. શાસકોની સૂચના અને લોકોનો રોષ ઠારે પાડવા માટે પાલિકા તંત્રએ હોટફિક્સ ઉપાડવા માટે વધુ સક્રિયતા દાખવી. ગત ઓગસ્ટ માસમાં અધધધ ૧૧૦૦ ટન હોટફિક્સ કચરો ઉપાડવામાં આવ્યો હતો. જ્યારે સોમવારે પાલિકાની ૩૧ ગાડી, વાહનો હોટફિક્સ કચરો ઉપાડવા માટે રોકવામાં આવ્યા હતા. ૩૧ ગાડી, વાહનોએ ૭૦ ફેરા મારીને સોમવારે એક જ દિવસમાં ૩૯ ટન કચરો ઉઠાવ્યો હતો. મંગળવારે પણ આખો દિવસ દરમિયાન અંદાજે ૪૦ ટન કચરો ઉપાડીને બોમ્બે માર્કેટ સ્થિત ટ્રાન્સપોર્ટ ગોડાઉનની જગ્યા પર લઇ જવાયો હતો. પ્લાસ્ટીક વેસ્ટ ઉપાડતી એજન્સીએ હોટફિક્સ કચરો ઉપાડવાનું બંધ કરી દેતા વરાછા, કતારગામ, લિંબાયત ઝોનમાં ઠેરઠેર કચરાના ઢગલા દેખાયા હતા. જોકે, શાસકો અને વહીવટી તંત્રની મધ્યસ્થી બાદ મંગળવારે એજન્સીની ગાડીઓ ફરીવાર હોટફિક્સ કચરો ઉપાડવામાં રોકવામાં આવી હતી. ખાસ કરીને વરાછા ઝોનમાં પાલિકા તંત્રએ ૧૫ ટ્રેક્ટર મૂક્યા છે અને એજન્સીની ગાડીઓ પણ દોડી હતી.

### રિક્ષાવાળાએ કહ્યું, આપવાળાએ રિક્ષા મોકલી છે, સામે આપે પૂછ્યું રિક્ષાની નંબરપ્લેટ વિડીયોમાં કેમ બતાવી નહીં?

વોર્ડ-17ના ભાજપ પ્રમુખ ભરત ઘેલાણીએ આક્ષેપ કર્યો હતો કે રિક્ષાચાલકને પૂછપરછ દરમિયાન તેણે પોતાને હીરાબાગથી મોકલવામાં આવ્યો હોવાનું અને 'આપવાળાએ મોકલ્યા છે, ઝાડુવાળાએ મોકલ્યા છે' એવું જણાવ્યું હતું. આ નિવેદનના આધારે ભાજપે આમ આદમી પાર્ટી પર મનપા અને સત્તાધારી પક્ષને બદનામ કરવા માટે કચરો ઠલવડાવવાના ષડયંત્રનો સીધો આરોપ મૂક્યો છે. જો કે આ આરોપમાં કેટલી સત્યતા છે તે તપાસનો વિષય છે. દરમિયાન આમ આદમી પાર્ટીના વરાછા વિધાસભા પ્રભારી રજનીકાંત વાઘાણીએ વળતો પ્રહાર કરતા સવાલો ઉઠાવ્યા હતા કે, અજાણી જગ્યાએ રીક્ષા આવે ને ભાજપના નેતાઓને ખબર પણ પડી જાય તે શંકાનો વિષય છે વળી, ભાજપના વોર્ડ પ્રમુખ આપ પર આક્ષેપ કરે છે તો તેને પુછવુ છે કે, રીક્ષાની નંબર પ્લેટ વીડીયોમાં કેમ ના બતાવી, રીક્ષા ડ્રાઇવરને પોલીસ સ્ટેશન કેમ ના લઇ જવાયો અને તેના ફોનમાં કોનો કોલ આવેલો તેની તપાસ કે ના થઇ ? અને તેના આધારે પોલીસ ફરિયાદ કે દાખલ ના કરાઇ ? ભાજપ હોટફિક્સ મુદ્દે હલકા રાજકારણ પર ઉતરી આવ્યાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

### પ્લાસ્ટિક પર પ્રતિબંધ હતો તો યુનિટ અત્યાર સુધી કેમ ચાલવા દેવાયાં?: અસલમ

સુરતઃ કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ તંત્ર અને શાસકો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, જો આ પ્લાસ્ટિક પર વર્ષોથી પ્રતિબંધ હતો તો આટલા સમય સુધી ગેરકાયદેસર ઉદ્યોગો કેમ ચાલવા દીધા? અને હવે અચાનક નોટિસો આપીને નાગરિકોના આરોગ્ય અને પર્યાવરણની ચિંતાનું નાટક કરીને રોજીરોટીનો પ્રશ્ન ઊભો કરવો એ "પેટ ચોળીને શૂળ ઊભું કરવા" સમાન છે. આ ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા પાઠવવામાં આવેલી આ નોટિસમાં પાલિકાની ગંભીર બેદરકારી છતી થઈ છે. નોટિસમાં સ્થાયી સમિતિના ઠરાવ નંબર 17/2021 (તા. 30/3/2021) નો ઉલ્લેખ કરાયો છે, જે વાસ્તવમાં 15/1/2021 ના રોજ કોઈ અન્ય કામ માટે મંજૂર થયેલો હતો, જ્યારે સાચો ઠરાવ 'સામાન્ય સભા'નો છે.

**મંગળની રાત્રે અને બુધવારે હોટફિક્સમાં આગના બનાવો**

- કિરણ ચોક, કાપોદ્રા
- એલ.એચ. રોડ, વરાછા
- શાંતિનગર, પુણાગામ
- પોકેટમોલ નજીક, છાપરાભાઠા રોડ
- ડુંભાલ ફાયર સ્ટેશન સામેનું ખુલ્લું મેદાન

# સુરતમાં 8 માસમાં સ્વાઈન ફ્લુના 7-7 પોઝિટિવ દર્દી

**તમામ** દર્દીઓ સારવાર બાદ ડિસ્ચાર્જ; મનપા આરોગ્ય વિભાગે લક્ષણો દેખાય તો તાત્કાલિક તપાસ કરાવવા અપીલ કરી

સુરતઃ શહેરમાં જાન્યુઆરીથી અત્યાર સુધીમાં સીઝનલ ફ્લૂ એટલે કે સ્વાઈન ફ્લૂના કુલ 27 શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેમાંથી સેન્ટ્રલ-વેસ્ટ ઝોનમાં 5, વેસ્ટ ઝોનમાં 1 અને સેન્ટ્રલ ઝોનમાં 1 મળી કુલ 7 કેસ પોઝિટિવ આવ્યાં હોવાનું મનપાના આરોગ્ય વિભાગે જણાવ્યું છે. જોકે, પોઝિટિવ આવેલા તમામ દર્દીઓને સમયસર યોગ્ય સારવાર મળી રહેતા તેઓ સ્વસ્થ થયા બાદ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યાં છે. હાલ શહેરમાં સ્વાઈન ફ્લૂને લઈને આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવી રહી છે.

આરોગ્ય વિભાગે શહેરીજનોને સ્વાઈન ફ્લૂથી બચવા માટે સાવચેતી રાખવા અપીલ કરી છે. ખાસ કરીને તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, શરદી સહિતના લક્ષણો જોવા મળે તો તેને સામાન્ય ફ્લૂ ગણીને અવગણવાને બદલે તાત્કાલિક તબીબી તપાસ કરાવવી જરૂરી હોવાનું જણાવાયું છે. સાથે જ ભીડવાળા સ્થળોએ જરૂરી સાવચેતી રાખવા અને વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા પણ આરોગ્ય વિભાગે અનુરોધ કર્યો છે.

# હોટફિક્સ વિવાદ વચ્ચે વરાછા-એ ઝોનના બે અધિકારી રજા પર

**ઝોનલ** ચીફ અને ડેપ્યુટી એમઓએચની રજા મનપામાં ચર્ચાનો વિષય

સુરતઃ શહેરમાં હોટફિક્સ મટિરિયલ વેસ્ટનો વિવાદ છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં છે. ત્યારે વરાછા-એ ઝોનના બે મહત્ત્વના અધિકારીઓ એકસાથે રજા પર જતાં મનપા વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. વરાછા-એ ઝોનના ઝોનલ ચીફ તથા ડેપ્યુટી કમિશનર સ્વાતિ દેસાઈ અને ડેપ્યુટી મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો.મહેન્દ્ર પટેલ હાલ રજા પર હોવાનું જાણવા મળ્યું છે.

ગત સોમવારે પુણા-સીતાનગર વિસ્તારમાં હોટફિક્સ મટિરિયલ શિટના સપ્લાયર્સ સામે સીલિંગની કામગીરી દરમિયાન મનપાના સ્ટાફને સ્થાનિકોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. જપ્ત કરાયેલા શિટનાં કાર્ટૂનો વાહનમાંથી પરત લઈ જવાના બનાવ બાદ પોલીસ ફરિયાદ અંગેની કાર્યવાહી પણ ચર્ચામાં આવી હતી. આ મામલે ઝોનલ ચીફની મંજૂરી ન મળતાં સરથાણા ઝોનલ ચીફ નિધિ સિવાચ દ્વારા ફરિયાદ માટેની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ દરમિયાન ડો.મહેન્દ્ર પટેલની રજા પૂર્ણ થયા બાદ વધુ રજા માટે રજૂઆત કરાઈ હોવાની પણ માહિતી છે. ખાસ બાબત એ છે કે, આગામી રવિવારે વરાછા-એ ઝોનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સાઈકલ રેલીનું આયોજન છે.

**નિર્મળનગર વસાહત, સ્લેબ ખખડધજ, દીવાલોમાં તિરાડો**

# દોઢ દાયકા પહેલા જ સફાઈ કામદારો માટે બનેલી બિલ્ડિંગ હવે જર્જરિત

**200થી** વધુ પરિવારો વિકલ્પના અભાવે જીવના જોખમે વસવાટ કરવા મજબૂર



સુરતઃ સુરતના પોશ ઉમરા વિસ્તારમાં આવેલા નિર્મળનગરના 'ડૉ. બાબાસાહેબ આંબેડકર સફાઈ કામદાર આવાસ'ની હાલત અત્યંત જર્જરિત બની ગઈ છે. આવાસમાં રહેતા 200થી વધુ પરિવારો પર ગમે ત્યારે સ્લેબ કે કાટમાળ તૂટી પડવાનો ભય સતત મંડરાઈ રહ્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2008માં સફાઈ કર્મચારીઓ માટે આ આવાસો બનાવવામાં આવ્યા હતા. પરંતુ આશ્ચર્યજનક રીતે દોઢ દાયકા જેટલા ટૂંકા સમયગાળામાં જ બિલ્ડિંગ ખંડેરમાં ફેરવાઈ ગયું છે. આવાસની છતના સ્લેબમાંથી પોપડા ખરી રહ્યા છે, લોખંડના સળિયા સડીને નબળા પડી ગયા છે અને અનેક જગ્યાએ દીવાલોમાં મસમોટી તિરાડો જોવા મળી રહી છે. ચોમાસા દરમિયાન સ્થિતિ વધુ જોખમી બનતી હોવાથી રહીશો ફફડાટ વચ્ચે દિવસ-રાત પસાર કરી રહ્યા છે. રહીશોએ મ્યુનિસિપલ કમિશનર અને મેયરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક આવાસનું રી-ડેવલપમેન્ટ કરી વૈકલ્પિક પાકા મકાનોની વ્યવસ્થા કરવાની માંગ કરી છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય અને નિર્દોષ પરિવાર કાટમાળ નીચે દબાઈ જાય તે પહેલાં તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ ઊઠી છે.

### કેટલાક પરિવાર ભાડાના મકાનમાં ચાલ્યા ગયા

પાલિકાના સફાઈ કર્મચારી અને સ્થાનિક રહીશ શાંતાબેન રામજીભાઈ ચુડાસમાએ જણાવ્યું હતું કે, "મેં મનપામાં 25 વર્ષ સેવા આપી છે. અમે વર્ગ-4ના કર્મચારી છીએ અને અમારા નાના બાળકો છે. અમને આવાસ આપતી વખતે લાંબા સમય સુધી રહેવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ આટલા ઓછા સમયમાં મકાન જર્જરિત બની ગયું છે. ભયના કારણે કેટલાક પરિવારો ભાડાના મકાનમાં રહેવા ચાલ્યા ગયા છે.

**સુરતમાં સિનિયર સિટિઝનને ડિજિટલ એરેસ્ટ કરવાનો વધુ એક કિસ્સો**

# 67 વર્ષીય નિવૃત્ત મહિલા પાસેથી 30 લાખ પડાવાયા

**પાંચ** દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ કરી રૂ.32.40 લાખ ખાતામાં જમા કરાવ્યા, બાદમાં RTGSથી રકમ પડાવી

સુરતઃ અડાજણમાં રહેતાં 67 વર્ષીય નિવૃત્ત મહિલાને ડિજિટલ એરેસ્ટ કરીને 3.30 કરોડથી વધુની છેતરપિંડી કરાઈ હતી. ફરિયાદ મુજબ અડાજણના એલ.પી.સવાણી રોડ વિસ્તારમાં રહેતી 67 વર્ષીય નિવૃત્ત મહિલા તા.22 ઓગસ્ટે ઘરે હતી. ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ 'ડેટા પ્રોટેક્શન બોર્ડ ઓફ ઇન્ડિયા, ખાર વેસ્ટ, મુંબઈ'ના મોહમ્મદ જીશાન અહેમદ તરીકે આપી હતી. મહિલાને તેના નામે કેનેરા બેંકમાં ખાતું હોવાનું પૂછવામાં આવ્યું હતું. મહિલાએ આવું કોઈ ખાતું ન હોવાનું જણાવ્યા બાદ થોડા સમય પછી બીજા નંબર પરથી ફરી ફોન આવ્યો હતો.

### પોલીસ યુનિફોર્મમાં વિડીયો કોલ કર્યો

આરોપીઓએ વોટ્સએપ વિડીયો કોલ કર્યો હતો. વિડીયો કોલમાં પોલીસ યુનિફોર્મ પહેરેલી વ્યક્તિ પાછળ મહારાષ્ટ્ર પોલીસનો લોગો દેખાય તે રીતે બેઠેલો હતો. તેણે પોતાને કોલાબા પોલીસ સ્ટેશનનો સબ ઇન્સ્પેક્ટર સંદીપ રોય તરીકે ઓળખાવ્યો હતો. બાદ મહિલાનો આધારકાર્ડનો ફોટો મેળવી લીધો હતો. ઠગોએ મુંબઈ પોલીસનું બોગસ આઇકાર્ડ, ક્રાઇમ બ્રાન્ચના નામે દસ્તાવેજો, ED, સુપ્રીમ કોર્ટ અને અન્ય સરકારી સંસ્થાઓના નામે બનાવટી નોટિસો તથા બેંક સ્ટેટમેન્ટ મોકલી મહિલાને વધુ ભયભીત કરી હતી.

### વડોદરા બોલાવી લોકરમાંથી FDની રિસિપ્ટ કઢાવી

તા.24 ઓગસ્ટે આરોપીઓએ મહિલાની બેંક, ફિક્સ્ડ ડિપોઝિટ અને લોકર અંગે પૂછપરછ કરી હતી. મહિલાએ વડોદરામાં લોકર હોવાની તથા અંદાજે રૂ.30થી 35 લાખની FD હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ તેને વડોદરા જઈ બેંકના દસ્તાવેજોની તપાસ કરાવવાની સૂચના આપી હતી. તા.26 ઓગસ્ટે મહિલા સુરતથી વડોદરા પહોંચી હતી. આરોપીઓએ વિડીયો કોલ ચાલુ રાખીને તેને માંજલપુરની પંજાબ નેશનલ બેંકની શાખામાં જવા અને લોકરમાંથી FDના દસ્તાવેજો લઈ આવવા કહ્યું હતું. આરોપીઓએ બેંકના કર્મચારીઓને જાણ ન થાય એ રીતે સમગ્ર કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. મહિલાએ FD તોડાવી રૂ.32,40,004.86 પોતાના પંજાબ નેશનલ બેંકના ખાતામાં જમા કરાવ્યા હતા. ત્યારબાદ બેંકમાં રકમ જમા થયાનો મેસેજ પણ આરોપીઓને મોકલી આપ્યો હતો.

### RBIમાં વેરિફિકેશનના બહાને રૂ.3.30 કરોડ RTGS કરાવ્યા

આરોપીઓ અહીં અટક્યા નહોતા. તા.27 ઓગસ્ટે વિડીયો કોલ દરમિયાન મહિલાને તેના બેંક ખાતામાં રહેલી રકમ 'રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ખાતામાં વેરિફિકેશન માટે' ટ્રાન્સફર કરવાની હોવાનું જણાવ્યું હતું. મહિલાએ આરોપીઓના કહેવાથી પોતાના PNB ખાતામાંથી ચેક નં.079849 મારફતે RTGSથી રૂ.30,50,000 ટ્રાન્સફર કરી દીધા હતા. ટ્રાન્ઝેક્શનનો UTR નંબર, જમા સ્લિપ, પાસબુક અને બેંક મેસેજના ફોટા પણ આરોપીઓને મોકલ્યા હતા.

### ગૂગલ પર 'સંદીપ રોય' અને કોલાબા પોલીસ સ્ટેશન સર્ચ કરતાં ભાંડો ફૂટ્યો

મહિલાને શંકા ત્યારે ગઈ જ્યારે તેણે ગૂગલ પર 'સંદીપ રોય' અને કોલાબા પોલીસ સ્ટેશન અંગે તપાસ કરી હતી. તેને ઓનલાઇન માહિતી પરથી આ પ્રકારની છેતરપિંડી અંગે જાણ થઈ હતી. મહિલાએ તાત્કાલિક પોતાના પુત્રને સમગ્ર બનાવની જાણ કરી હતી. પુત્રને પણ માતા સાથે ડિજિટલ અરેસ્ટના નામે સાયબર ફ્રોડ થયાનું જણાઈ આવ્યું હતું. જેથી હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી.

# ફૈઝલ ફટ્ટાની સોપારી 10 લાખમાં અપાઈ હતી

**કુખ્યાત** મુબારક ઉર્ફે મુબોનું નામ ખૂલ્યું, રૂ.૧ લાખ એડ્વાન્સ આપી ચાર શખ્સો પાસે હત્યા કરાવી

**ક્રાઇમ** બ્રાન્ચે ગણતરીના કલાકોમાં મુંબઈ હાઇવે પરથી ચારેયને ઝડપી લીધા

**14** ગુના આચરનાર મુબારકને સોપારી આપનાર સુરતનું 'મોટું માથું' કોણ?

સુરતઃ ચોકબજાર જીલાની બ્રિજ પર જમીન લે-વેચ અને દલાલીનું કામ કરતા ફૈઝલ ઝકરીયા હસન ફટ્ટાની જાહેરમાં થયેલી ચકચારી હત્યાનો ભેદ સુરત ક્રાઇમ બ્રાન્ચ અને ચોકબજાર પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. આ હત્યાકાંડ પાછળ સુરતના કુખ્યાત ગુનેગાર મુબારક ઉર્ફે મુબો મજીદ પટેલનું નામ સામે આવ્યું છે, મુબારકે ફૈઝલ ફટ્ટાની હત્યા કરવા માટે 10 લાખ રૂપિયાની મોટી સોપારી આપી હતી, જેમાંથી 1 લાખ રૂપિયા એડ્વાન્સ રોકડા ચૂકવી દીધા હતા. મુબારક પાસેથી સોપારી લીધા બાદ આરોપીઓએ ફૈઝલ ફટ્ટાની વરિયાળી બજાર સ્થિત ઓફિસ બહાર અંદાજે 1 અઠવાડિયાથી સતત પહેરો ગોઠવી રાખ્યો હતો. આરોપીઓ ફૈઝલ ક્યારે ઓફિસે આવે છે, ક્યારે જાય છે, કયા રૂટ પરથી નીકળે છે અને કાર કે મોપેડ, કયા વાહન પર અવરજવર કરે છે તે તમામ શિડ્યુલની બારીકાઈથી રેકી કરતા હતા. 31 ઓગસ્ટની રાત્રે પોણા 9 વાગ્યાના અરસામાં ફૈઝલ એક્સેસ મોપેડ લઈને ઓફિસેથી નીકળતાં જ પૂર્વયોજિત કાવતરા મુજબ 2 મોપેડ પર સવાર ચારેય હત્યારાઓએ તેનો પીછો શરૂ કર્યો હતો.

### મુબારક વિરુદ્ધ 20 જેટલા ગુના અને પાસા હેઠળ કાર્યવાહી

આ સમગ્ર હત્યાકાંડ અંગે એડિશનલ સીપી ક્રાઇમ બલરામ મીણાએ જણાવ્યું હતું કે, મુબારકની ધરપકડ બાદ જ આ હત્યા પાછળનો મુખ્ય હેતુ સ્પષ્ટ થશે. મુબારકની પાછળ રહીને કોઈ પડદા પાછળથી દોરીસંચાર કરતું હોય કે પછી મુબારકને પણ ઉપરથી કોઈ મોટા માથા દ્વારા સોપારી આપવામાં આવી હોય, તે તમામ દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. મરણ જનાર જમીનની લે-વેચ અને દલાલી સાથે સંકળાયેલો હોવાથી જમીન વિવાદમાં કોઈ મોટા માથાએ મુબારકને 10 લાખ રૂપિયાની સોપારી આપી હત્યા કરાવી હોવાની પ્રબળ આશંકા છે. મુબારક વિરુદ્ધ ડિંડોલી, ઉધના, અઠવા, સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં મારામારી હત્યાની કોશિશ સહિતના 20 ગુના નોંધાઈ ચૂક્યા છે અને અગાઉ બે વખત પાસા હેઠળ કાર્યવાહી પણ થઈ ચૂકી છે.

### પોલીસને ગેરમાર્ગે દોરી મુંબઈ ભાગેલા 4 આરોપી ઝડપાયા

હત્યા કર્યા બાદ આરોપીઓએ પોલીસ પકડથી બચવા માટે ઉત્તર દિશા તરફ ભાગ્યા હોવાનો ઢોંગ કરી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સુરત પોલીસે સીસીટીવી ફૂટેજ, હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદથી પગેરું દબાવતાં આરોપીઓ મહારાષ્ટ્ર તરફ ભાગ્યા હોવાની પાકી માહિતી મળી હતી. સુરત ક્રાઇમ બ્રાન્ચના એન્ટી ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સ્ક્વોડ અને ચોકબજાર પોલીસની 15 જેટલી ટીમે મુંબઈ હાઇવે પર વોચ ગોઠવી ફાઉન્ટેન હોટલ સામેથી 2 અને વેસ્ટર્ન હોટલ પાસેથી 2 એમ કુલ 4 આરોપીને ઝડપી લીધા હતા.

### પકડાયેલા-વોન્ટેડ આરોપીઓ

1. અભિષેક ઉર્ફે રોહન ઉર્ફે ઘૂંઘરૂ રાજન્દ્ર દેવરે ઉંમરઃ ૨૭ વર્ષ હાલ રહે. હળપતિ કોલોની, માન દરવાજા, સુરત. મૂળ વતનઃ હાઇવે મુંગટી, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર.
2. કૈસરઅલી આબીદઅલી સૈયદ ઉંમરઃ ૨૬ વર્ષ હાલનું સરનામુંઃ ફૂટપાથ, માન દરવાજા મૂળ વતનઃ અમલનેર, તા.અમલનેર, જિ.જલગાંવ, મહારાષ્ટ્ર.
3. વસીમ ઉર્ફે વસીયો મોઇન શેખ ઉંમરઃ ૨૧ વર્ષ સરનામુંઃ હળપતિ કોલોની, માન દરવાજા, સુરત
4. ગોકુળ સંતોષ યાદવ ઉંમરઃ ૨૦ વર્ષ સરનામુંઃ માન દરવાજા ઝૂંપડપટ્ટી, હળપતિ કોલોની, મૂળ વતનઃ ચાલીસગાંવ, તા. તથા જિ. જલગાંવ, મહારાષ્ટ્ર.
5. વોન્ટેડ સૂત્રધારઃ મુબારક ઉર્ફે મુબો મજીદ પટેલ

**દુબઇ એરપોર્ટ પર ATC સંબંધિત સમસ્યાની અસર**

# દુબઈથી સુરત આવતી ફ્લાઈટ 2 કલાક 13 મિનિટ મોડી પહોંચી

**સવારે** 9.50 કલાકે લેન્ડ થનારી ફ્લાઇટ બપોરે 12.13 કલાકે સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી

સુરત : દુબઈથી સુરત આવતી એરઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ દુબઈ એરપોર્ટ પર એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સંબંધિત સમસ્યા સર્જાતા નિર્ધારિત સમય કરતાં 2 કલાક 13 મિનિટ મોડી સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચી હતી. ફ્લાઈટના વિલંબને કારણે દુબઈથી સુરત આવનારા મુસાફરોને લાંબી રાહ જોવી પડી હતી.

એરપોર્ટના સૂત્રોના જણાવ્યા મુજબ, દુબઈથી સુરત આવતી એરઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ સવારે 9.50 કલાકે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થવાની હતી, પરંતુ દુબઈ એરપોર્ટ પર ATC સંબંધિત સમસ્યાને કારણે ફ્લાઈટના સંચાલનમાં વિલંબ સર્જાયો હતો. પરિણામે ફ્લાઈટ તેના નિર્ધારિત સમય કરતાં ઘણી મોડી સુરત પહોંચી હતી.

આ ફ્લાઈટ બપોરે 12.13 કલાકે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. આમ, નિર્ધારિત સમયની સરખામણીએ ફ્લાઈટને 2 કલાક અને 13 મિનિટનો વિલંબ થયો હતો. ઉલ્લેખનીય છે કે, એર ટ્રાફિક કંટ્રોલ એટલે કે ATCનું વિમાનના ટેક-ઓફ અને લેન્ડિંગ સહિત સમગ્ર હવાઈ સંચાલનમાં અત્યંત મહત્વપૂર્ણ સ્થાન છે. ATC સંબંધિત કોઈપણ ટેકનિકલ અથવા ઓપરેશનલ સમસ્યાની સીધી અસર ફ્લાઈટના સમયપત્રક પર પડી શકે છે.